Office of the
Saurashtra University,
University Campus,
RAJKOT-360005
Phone: (0281) 2578501

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re Accrediated by NAAC
Grade-'A'

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ
રાજકોટ – ૩૬૦ ૦૦૫
ફોન : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧

તા.૧૬–૨–૨૦૧૫.

પ્રતિ,
તંત્રીશ્રી,
.................... દૈનિક,
રાજકોટ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓની
યુવાનોને જાણકારી આપવા ઈમેઈલ દ્વારા આયોજન.
ઈમેઈલ ડ્રાઈવના નામે નવોજ સોફટવેર વસાવાયો.
આજથી બેરોજગાર યુવાનોની ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકાશે.
૮ લાખ વિદ્યાર્થીઓ એક કલીક કરશે અને નોકરીની માહિતી મળશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને ભવનોમાં અભ્યાસ કરતા અને અભ્યાસપૂર્ણ કરેલા વિદ્યાર્થીઓને રાજય સરકારની, કેન્દ્ર સરકારની અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની માહિતી અને જાણકારી પ્રાપ્ય બને તે માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેરીયર કાઉન્સીલ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા (સી.સી.ડી.સી. દ્વારા) એક સોફટવેર વસાવવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો.પ્રતાપસિંહ ચૌહાણના માર્ગદર્શન હેઠળ કેરીયર કાઉન્સીલ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તેના કો–ઓર્ડિનેટર ડો.નિકેશ શાહના પ્રયાસોના કારણે આ સોફટવેર અંતર્ગત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તારના દશ મહેસુલી જિલ્લાઓના વિદ્યાર્થીઓએ ઓનલાઈન નોંધણી કરાવી પોતાનું ઈમેઈલ એડ્રેસ આપવાનું રહેશે. આ અંગે વિસ્તૃત માહિતી આપતાં શ્રી ચૌહાણ અને શ્રી શાહે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની **EDU** વેબસાઈટ ખોલ્યા બાદ ડાબી બાજુ સીસીડીસી ઈમેઈલ ડ્રાઈવ રજીસ્ટ્રેશન ઓપ્શન આવશે. જેમાં રજીસ્ટ્રેશન ઓપ્શન ઉપર કલીક કરવાથી એક ફોર્મ ખુલશે. જે ફોર્મ ઉપર પોતાનું ઈમેઈલ એડ્રેસ અને વિદ્યાર્થીએ પોતાનો મોબાઈલ નંબર આપવો હોય તો આપી શકશે. ત્યારબાદ ઓકે કરવાથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કન્ફર્મ થશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ૩૦૦ જેટલી કોલેજો, અનુસ્નાતક કેન્દ્રો અને યુનિવર્સિટી કેમ્પસના ભવનો ઉપરાંત અભ્યાસ પૂર્ણ કરેલ આશરે આઠેકલાખ જેટલા યુવાનોને ખાલી જગ્યાઓની અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની જાણકારી મળશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સિમાચિન્હરૂપ આ પ્રોજેકટને સફળ બનાવવા યુનિવર્સિટીએ કોલેજો, ભવનોને પરિપત્ર કરી વિદ્યાર્થીઓના ઈમેઈલ એડ્રેશનું રજીસ્ટ્રેશન કરાવવા પ્રિન્સીપાલશ્રીઓ અને વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવાયું છે અને સમગ્ર પ્રક્રિયામાં વિદ્યાર્થીઓને અનુ યુવાનોને જાણકારી પ્રાપ્ય બને તે માટે પાંચ દિવસની નિશ્ચિત મુદતમાં તમામ પ્રક્રિયા પૂરી કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકાર અને રાજય સરકારની ઘણી કચેરીઓમાં ધોરણ–૧૨ પાસના ધોરણે રોજગારી મળતી હોય છે. ધોરણ–૧૨ના વિદ્યાર્થીઓને રોજગારી રોજગારી અંગે રજીસ્ટ્રેશન કરાવી શકે તે માટે સ્કૂલના સંચાલકો અને આચાર્યશ્રીઓ સાથે પણ વિચારસેતુ રચવામાં આવશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટરના ડાયરેકટર ડો. નયનભાઈ જોબનપુત્રાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સીસીડીસી સેન્ટરમાં અમદાવાદની કંપની પાસે ખાસ સોફટવેર તૈયાર કરાવ્યો છે. જે વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું છે તે વિદ્યાર્થીના ઈનબોકસમાં જ મેઈલ આવશે. આ મેઈલ સ્પામમાં નહી જાય અને આ સોફટવેરની વિશિષ્ટતા એ છે કે વિદ્યાર્થીએ મેઈલ વાંચ્યો છે કે કેમ ? તેની માહિતી પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને મળી શકશે. જે વિદ્યાર્થી બે વખતથી વધુ સમય માટે મેઈલ ચેક નહી કરે તો વિદ્યાર્થીનું નામ રજીસ્ટ્રેશનમાંથી ડીલીટ કરવામાં આવશે અને આ સોફટવેરમાં વિદ્યાર્થીઓ દ્વારા કોઈ સૂચનો કે અભિપ્રાય હોય તો તે પણ જણાવી શકશે. આ ઈમેઈલ ડ્રાઈવ પ્રોજેકટને સફળ બનાવવા સી.સી.ડી.સી.ના કર્મચારી શ્રી ચિરાગ તલાટીયા, શ્રી સુમિત મહેતા અને શ્રી આશીષ ગઢવી જહેમત ઉઠાવી રહયા છે.

કુલસચિવ


www.saurashtrauniversity.edu/UserSideSaurashtr_Dyanamic/Default.aspx
Home
About University
Contact Us
E-Mail
Saurashtra University
Re-Accredited Grade A by NAAC (CGPA 3.05)
Organization
Student
College
Department
News@Sau.Uni.
Examination
Academic
Staff Corner
Central Facilities
What's New
QUICK ACCESS
P G Admission Form
CMS CBCS Exam
End to End Solution Software(2012-13)
IQAC
External Exam
RTI
Circulars
Alumni Association
Online Degree Form
FeedBack
Recruitment
SUCAB
IPR Policy
CCDC - E-Mail Drive Registration Form
LATEST NEWS
State Level Seminar on Media and Development by Journalism Department
Free Training Camp for Competitive Exam by Rajkot District Administrative Dept from 9-2-15 to 21-2-15
Mahatma Gandhi and Cleanliness Drawing Competition Forms and Circular
P G Medical Admission Committee 2015
DST SERB School
NAAC Accredited Colleges List
Saurashtra University, established on 23rd May, 1967 is situated in Rajkot city of the Saurashtra region of Gujarat State. The campus of the University is spread over 360 acres of land. The jurisdiction of the University includes Amreli, Jamnagar, Junagadh, Porbandar, Rajkot, Surendranagar, Morbi, Gir Somnath and Dwarka districts. It has 28 Post graduate Departments on its campus and 297 affiliated colleges.


SAURASHTRA UNIVERSITY
SAURASHTRA UNIVERSITY
Saurashtra University
Career Counselling & Development Centre
E-Mail Drive Registration Form